सत्यमेव जयते

## રે.દિ.મુ.નંબરઃ૬૬/૨૦૨૧ ના કામે આંકઃ૦૫ ની

## અરજી લગત હુકમ

**(૧)** વાદીઓની આંકઃ૦૫ ની અરજી વંચાણે લીધી. તેમજ પ્રતિવાદીઓ તર્ફે આંક–૧૭ થી રજુ કરવામાં આવેલ વાંધા–જવાબ વંચાણે લીધા. વાદીઓ તર્ફે નિશાની–૩,૨૧,૪૨,૪૪ તથા નિશાની–૪૭ થી રજૂ થયેલા દસ્તાવેજો વંચાણે લીધા તેમજ પ્રતિવાદીઓ તરફે નિશાની–૧૮ તથા આંક–૫૧ તેમજ ૫૨ થી રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા તેમજ વાદીઓ તરફે આંક–૪૮ થી રજુ થયેલ લેખિત દલીલો તેમજ પ્રતિવાદીઓ તરફે આંક–૪૬ થી રજુ થયેલ લેખિત દલીલો વંચાણે તથા ધ્યાને લીધી.

**(૨)** વાદીઓ તરફેના વિ.વ.શ્રીએ તેમની દાવા અરજી તથા મનાઈ અરજીની વિગતો પ્રમાણે તથા પ્રતિવાદીઓએ તેમના જવાબની વિગતો મુજબ દલીલો કરેલ છે તથા પોત પોતાની તરફેણના દસ્તાવેજો ઉપર આધાર રાખેલ છે જે તમામ રેકર્ડમાં ઉપલબ્ધ હોય તેનું અત્રે વિગતવાર પુનરાવર્તન કરેલ નથી પરંતુ તે તમામને વંચાણે તથા ધ્યાને લીધેલ છે તેમજ હવે પછી આવશ્યકતા પ્રમાણે તે તમામ અંગે ચર્ચા કરેલ છે.

હાલની અરજીના સંદર્ભે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– મુ દ્દા ઓ –**

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે,બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીઓ પુરવાર કરે છે કે,તેઓને માંગ્યા મુજબનો મનાઈ

હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ થઈ શકે તેવુ નુંકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

***<u>– ન્યાય નિર્ણય માટેના કારણો –</u>***

***<u>મુદ્દા નંબરઃ–૧ થી ૩.</u>***

ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજાની સાથે સંકળાયેલા હોઈ પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચાઓ એકી સાથે કરેલ છે.

આ કામે વાદીઓ તરફેના વિ.વકીલશ્રીની રજુઆત છે કે, વાદીઓ તથા પ્રતિવાદીઓના વડીલ પુરુષ નાનાભાઈ બારસાભાઈ હતા અને તેઓના બે દીકરા રવજીભાઈ તથા છનાભાઈ હતા જેમના નામ દાવાવાળી મિલકત વારસાઈ હક્કે ઉતરી આવેલ હોય તેમજ વાદીઓનો તેમાં વણવહેંચાયેલ અડધો હક્ક, હિસ્સો ચાલી આવેલ હોય તેમજ ખાતા નં.૨૦૪ વાળી મિલકતમાં પ્રતિવાદીનું નામ ચાલી આવેલ હોય અને સદર મિલકતમાં વાદીઓનો છુપો અડધો વણવહેચાયેલ હક્ક, હિસ્સો ચાલી આવેલ હોય તેમજ ફેરફાર નોંધ નં.૩૪૧ માં સ્પષ્ટ શબ્દ વડીલ છોકરા રવજી નાના નું નામ દાખલ કરવા નોંધ કરી જેમાં નાના છોકરાનું તેમજ નાના બારસાની વિધવાનુ વારસાઈ હક્કે નામ દાખલ થયેલ ન હોય તેમજ વાદીઓ નાનાભાઈ બારસાભાઈના સીધી લીટીના કાયદેસરના વારસદારો હોય દાવાવાળી મિલકત વાદીઓ અને પ્રતિવાદીઓની વડીલોપાર્જીત

મિલકત હોય તેમજ અડધો છુપો હક્ક, હિસ્સો ચાલી આવેલો હોય વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોય તેમજ દાવાનો નિકાલ આવતા સમય જાય તેમ હોય હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

જ્યારે પ્રતિવાદીઓ તરફેના વિ.વકીલશ્રીની રજુઆત છે કે, દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલકત તરીકે ચાલી આવેલ નથી પરંતુ ૩૫ થી ૪૦ વર્ષ પહેલા વાદીઓ તથા પ્રતિવાદીઓના વડીલ પુરૂષ નાનાભાઈ હતા તેમજ રવજીભાઈ અને છનાભાઈ હયાત હતા તે સમયે તેમની વચ્ચે મૈખિક વહેંચણ થઈ ગયેલ હોય અને રવજીભાઈ સને–૧૯૮૮ ની સાલમાં ગુજરી ગયેલા તે સમયથી વહેંચણ થયેલ મિલકતમાં અલગ–અલગ ખાતામાં તેમના કાયદેસરનાં વારસદારોના નામો ચાલી આવતા હોય તેમ તે અંગેની રેવન્યુ રેકર્ડે એન્ટ્રી ૨૦૧૦ થી પડેલ હોય તેમજ અલગ હિસ્સા પાડી પોત પોતાના હિસ્સાના ખાતા નંબર થી અલગથી માલિક અને કબજેદાર તરીકે આશરે ૫૩ વર્ષથી ચાલી આવતી હોય અને ત્યારથી પ્રતિવાદીઓ કબજો, વહીવટ કરતા આવેલા હોય અને વહેંચણની રૂએ ખાતા નં.૨૦૪ રવજીભાઈના વારસદારોના નામે તેમજ ખાતા નં.૧૪૪ છનાભાઈના વારસદારોના નામે ચાલી આવતી હોય તેમજ ખાતા નં.૨૦૪ વાળી શિડ્યુલ–૨ વાળી મિલકતમાં વાદીઓનું કાંઇ લાગતુ વળગતુ ન હોય પરંતુ મુંબઇ થી બરોડા જતા રસ્તાના પૈસાનો મોટો લાભ લેવા પ્રયત્ન કરી ગેરકાયદેસર રીતે પૈસા મેળવવા માટે હાલનો દાવો કરેલ હોય તેમજ રવજીભાઈ નાનાભાઈને સરકાર તરફથી ૧૯૭૩ ની સાલમાં બ્લોક નં.૯૨ તથા ૧૦૯ વાળી મિલકત ભેટમાં મળેલ હોય જે સંજોગોમાં વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ ન હોય વાદીઓની મનાઈ અરજી રદ કરવા જણાવેલ છે.

**(૩)** આ કામે બંને પક્ષકારો તર્ફે દલીલો ધ્યાને લેતા તેમજ રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં વાદીઓએ હાલનો દાવો વહેંચણ કરી હિસ્સે આવતી મિલકતનો કબજો લેવા તેમજ જાથુકનો કાયમી મનાઈ હુકમ મેળવવા માટે

હાલનો દાવો કરેલ છે. જે સંદર્ભે વાદીઓનું મુખ્ય કથન છે કે, દાવાવાળી મિલકતો વડીલોપાર્જીત મિલકત છે અને તેમાં વાદીઓનો વણવહેંચાયેલો અડધો હિસ્સો સમાયેલો છે. પરંતુ આ કામે આંક–૫૧ થી રજુ થયેલ હક્ક પત્રક ગામ નમુનો નં.૬ ની નોંધ નં.૬૬૮ વંચાણે લેતાં કબજેદાર રવજીભાઇ નાનાભાઇ, રહે. પાથરી એ તા.૧૦.૦૪.૧૯૭૧ ના રોજ આકારના ત્રણ પટ પ્રમાણે રૂ.૧૦૮/– (અંકે રૂપિયા એક સો આઠ પુરા) ભરપાઇ કરેલ હોય સર્વે નં.૫૩, ૫૫ થી ૫૮ તથા સર્વે નં.૬૧ થી ૬૩ તથા સર્વે નં.૭૦, ૭૪ તથા ૨૪૩ વાળી જમીન શરતોને આધીન રીગ્રાન્ટ કરવામાં આવેલાનો ઉલ્લેખ હોવાનું જણાઇ આવે છે તેમજ આ કામે આંક–૫૨ થી રજુ થયેલ એકત્રીકરણ દર્શાવતુ પત્રક ધ્યાને લેતાં એકત્રીકરણ અનુસાર સદર સર્વે નંબરોના નવા સર્વે નંબર ૮૯, ૯૨, ૧૦૯ તથા ૪૩૨ અમલમાં આવેલાનું પણ જણાઇ આવે છે. વધુમાં આ કામે નિશાની–૧૮/૧ થી રજુ થયેલ ગામ નમુના નં.૬ હક્ક પત્રકની નોંધ નં.૨૦૧૦ વંચાણે લેતાં બ્લોક/સર્વે નં. ૮૯, ૯૨, ૧૦૯, ૪૩૨ રવજીભાઇ નાનાભાઇ ના નામે ચાલતા હોવાનું તેમજ રવજીભાઇ તા.૨૮.૦૪.૧૯૮૮ ના રોજ ગુજરી જતા તેઓના સીધી લીટીના વારસદારોમાં બચુભાઇ રવજીભાઇ, દિનેશભાઇ રવજીભાઇ, ઝીણકીબેન રવજીભાઇ, પાર્વતીબેન રવજીભાઇના નામો વારસાઇ હક્કે રેવન્યુ રેકર્ડે દાખલ થયેલાનું જણાઇ આવે છે તેમજ સદર વારસાઇ નોંધ તા.૧૮.૦૧.૧૯૮૯ ના રોજ પ્રમાણિત થયેલાનું પણ જણાઇ આવે છે. વધુમાં ઉપરોક્ત નોંધોને વાદીઓ દ્વારા સક્ષમ રેવન્યુ ઓથોરીટી સમક્ષ આજદીન સુધી પડકારવામાં આવેલ હોય કે તે સંબંધે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર થી ફલિત થતી નથી. તેમજ આ કામે માર્ક–૩/૫ થી માર્ક–૩/૧૦ સુધી રજુ થયેલ રેવન્યુ રેકર્ડ વંચાણે લેતાં પણ ખાતા નં.૨૦૪ માં વાદીઓના નામ ચાલતા હોય તેવુ જણાઇ આવતુ ન હોય જે સંજોગોમાં વાદીઓનો કોઇ પ્રથમ દર્શનીય કેસ જણાઇ આવતો નથી તેમજ સગવડતા અગવડતાનું પાસુ વાદીઓ કરતા પ્રતિવાદીઓની તરફેણમાં વધુ હોય

તેમજ વાદીઓને જો મનાઇ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થવાનો સંભવ રહેલો ન હોય જે સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચા અનુસાર મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**– હુ ક મ –**

- વાદીઓની હાલની આંકઃ ૦૫ ની અરજી નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૯ મી માહે જાન્યુઆરી સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૯.૦૧.૨૦૨૬
વલસાડ.

**(આર.એમ.બારોટ)**
(જી.જે.૦૧૦૦૧)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
વલસાડ.